# ભરૂચ ભાજપના અગ્રણી મહિલાના યુવક સાથેનાં ફોટા વાયરલ થતાં રાજકીય ગરમાવો

## શ્રીરામ સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભાજપના સક્રિય સભ્યનું જાતીય અને શારિરીક શોષણ કર્યુ હોવાનો મહિલા અગ્રણી સામે ગંભીર આરોપ

**ધબકાર પ્રતિનિધિ, ભરુચ, તા. ૧૮**

ભરૂચ ભાજપનાં મહિલા મોરચા અગ્રણી મહિલાના શ્રીરામ સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભાજપના સક્રિય સભ્ય સાથેનાં વાંધાજનક ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. આ ઉપરાંત આ યુવકની એક અરજી પણ ફરતી થઈ છે. જેમાં મહિલાએ તેની સાથે અનૈતિક સબંધ બાંધી પૈસા પડાવ્યા હોવાનો પણ ઉલ્લેખ છે. આ ફોટા અને અરજી વાયરલ થયા બાદ ભરૂચ જિલ્લાનાં રાજકીય ક્ષેત્રે ખળભળાટ થયો છે. આ અંગે યુવક અને મહિલા પોત-પોતાનાં બચાવમાં દાવા કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લાનાં વાઘોડિયા તાલુકામાં આવેલા જેસિંગપુરા ગામના રહીશ ૩૫ વર્ષિય ચિંતન પ્રભુદાસ પટેલની ભરુચ પોલીસને સંબોધતી એક અરજી વાયરલ થયો છે. જેમાં એવો ગંભીર આક્ષેપ કરાયો છે કે, ભરૂચ ભાજપ



મહિલા મોરચાનાં અગ્રણી મહિલા દ્વારા અનૈતિક સંબંધ રાખવા માટે ભરૂચમાં ઘર લઈ આપવાની લાલચ આપી હતી. મેં સબંધ રાખતા મને ભરૂચમાં ભાડાનું મકાન લઈ આપ્યુ હતુ. આ ભાડાનાં મકાનમાં, તેમનાં ગાંધીનગરવાળા મકાનમાં અને શ્રવણ ચોકડી વાળા મકાનમાં વારંવાર બોલાવી અનૈતિક સંબધ રાખેલા છે. અમારા સબંધની જાણ તેમના પરિવારનાં સભ્યો, ડ્રાઈવર વગેરે તેમની મહિલા મિત્રો જાણે છે.

હવે આ મહિલા મને સબંધ ન તોડવા માટે દબાણ કરી રહ્યા છે. અને જો હું સબંધ ન રાખુ તો મને સમાજમાં અને ગામમાં બદનામ કરવાની ધમકી આપે છે. અને એમ કહે છે કે, હું મહિલા મોરચાની અગ્રણી છું. મારુ કોઈ કંઈ બગાડી શકશે નહી. તારુ શું થાય છે તે તું જોઈ લેજે. જો તું મારી સાથે નહી રહે તો તને બરબાદ કરી દઈશ. આ મહિલા પ્રમુખ મારી સામે બીજા દ્વારા અને પોતે સાયબર ક્રાઈમમાં ફરિયાદ આપી હેરાનગતિ કરી રહી છે. આ યુવકે પોતાની અરજીમાં એ પણ ઉલ્લેખ કર્યો છે કે, પોલીસ સ્ટેશનમાં એણે અરજી કરી હોવી છતાં મારી કોઈ વાત સાંભળતું નથી. આ મહિલા પોતાની રાજકીય વગ વાપરી મારી અરજીઓને દબાવી દે છે. તેમજ તેને કબજામાં રાખી મારુ જાતીય અને શારીરીક શોષણ કરે છે. આ અરજી ઉપરાંત યુવક ચિંતન પટેલ અને મહિલાના વાંધાજનક ફોટા અને લગ્નનાં હાર પહેરેલા ફોટા વાયરલ થયા છે. જેનાં કારણે ભરૂચ જિલ્લામાં રાજકીય ભૂકંપ સર્જાયો છે.

### મહિલા પ્રમુખે રાજીનામું આપ્યું

મહિલા મોરચાનાં અધ્યક્ષનાં રાજીનામા અંગે પુછતા જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયાએ જણાવ્યુ હતું કે, તેમણે પોતાનાં પદ પરથી રાજીનામુ આપ્યુ છે. રાજીનામું આપવાનું કારણ તેમણે પોતાની માંદગી બતાવી છે.

### મારી પાસે પૂરતાં પુરાવા છે જો પોલીસ નિષ્પક્ષ તપાસ કરે તો સત્ય બધાની સામે આવશે : ચિંતન પટેલ

આ ઘટનામાં અરજી કરનાર ચિંતન પટેલ કે જેઓ શ્રીરામ સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભાજપના સક્રિય સભ્ય છે તેમની સાથે ટેલિફોનિક વાત થઈ હતી. તેમણે જણાવ્યુ હતુ કે, અમે મંદિરમાં લગ્ન કરેલા છે પરંતુ મે જ્યારે લગ્ન નોંધણી કરવાનું કહ્યુ તો મને સરખો જવાબ મળતો નહોતો. અમારા વચ્ચે શારિરીક સંબધ હતો અને તે ચાલુ રાખવા મને ટોર્ચર કરવામાં આવતો હતો. અમારા સબંધ વિશે તેના પરિવારનાં તમામ સભ્યો જાણે છે. હું એમના ઘરે જતો આવતો હતો. એ મને મળવા આવતા હતાં. મારી પાસે તમામ પ્રકારનાં કોલ રેકોર્ડ, ફોટા સહિતનાં પૂરાવા છે. જો પોલીસ મારી અરજીને ધ્યાને લઈ નિષ્પક્ષ તપાસ કરશે તો દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જશે.

### મારી કારકીર્દી ખતમ કરવા આ રાજકીય ષડયંત્ર છે : મહિલા

સમગ્ર ઘટના અંગે મહિલા અગ્રણીને પુછતા તેમણે જણાવ્યુ હતું કે, આ યુવક મહિલાઓની હેરાનગતિ કરવા માટે પંકાયેલો છે. ૧૫ મહિના જેલમાં જઈને આવ્યો છે. બીજી મહિલાઓએ પણ તેની સામે ફરિયાદ કરી છે. જે ફોટા વાયરલ કરેલા છે એ મોર્ફ છે. હું લોકોનાં હ્દયમાં વસુ છું એટલે મારી રાજકીય કારકીર્દી ખતમ કરવાનું ષડયંત્ર છે.

ગુજરાત સમાચાર

સોમવાર, તા.૧૯ જૂન, ૨૦૨૩

## ભરૂચ જિલ્લાના રાજકીય પક્ષના

# ૪૫ વર્ષની મહિલા અગ્રણીના ૩૫ વર્ષના યુવાન સાથેના ફોટા વાયરલ થતાં ચકચાર

ભરૂચ,તા.૧૮

ભરૂચ જિલ્લાના એક રાજકીય પક્ષના ૪૫ વર્ષની મહિલા અગ્રણીએ વડોદરા નજીકના એક ગામમાં રહેતાં૩૫ વર્ષની વયના યુવાનને હનીટ્રેપમાં ફસાવી તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા બાદ અવાર નવાર બદનામ કરી દેવાની ધાક ધમકી આપી હોવાના આક્ષેપો સાથે યુવાને પોલીસ મથકમાં મહિલા અગ્રણી વિરૂધ્ધ અરજી આપતા ભરૂચ જિલ્લાના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. આ સાથે આ બંનેના અંતરંગ પળોના ફોટા પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે.

## યુવાનને સંબંધ રાખવા દબાણ કરી ગામમાં અને સમાજમાં બદનામ કરી દેવાની ધમકી, યુવાને પોલીસમાં અરજી આપી

યુવાને પોલીસ મથકમાં આપેલી અરજીમાં આક્ષેપ કરતાં જણાવ્યું છે કે, તે વડોદરા નજીકના એક ગામમાં પરિવાર સાથે રહે છે. ત્રણ વર્ષ અગાઉ તે ભરૂચ જિલ્લાના રાજકીય પક્ષના ૪૫ વર્ષની ઉંમરની એક મહિલા અગ્રણીના પરિચયમાં આવ્યો હતો. જે બાદ બંને વચ્ચે મિત્રતા ગાઢ બનતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે બાદ બંને વચ્ચે શારીરિક સંબંધો પણ બંધાયા હતાં. મહિલાના આગ્રહ બાદ તેણે ભરૂચમાં ભાડાનું મકાન રાખી ત્યાં તેઓ અવારનવાર મળતાં હતાં. મહિલાને એક પુત્ર અને એક પુત્રી પણ છે. જે ઓ પણ અવાર નવાર તેની સાથે તેના ઘરે આવતાં હતાં.

જેથી એ મહિલાના પરિવારના સભ્યો પણ તેનાથી પરિચીત હતાં. દરમિયાન વાત આગળ વધતાં મહિલાએ

(અનુસંધાન ચોથા પાને)

### મહિલાનું પક્ષના હોદ્દા પરથી રાજીનામુ

રાજકીય પક્ષના મહિલા અગ્રણી ૪૫ વર્ષની ઉંમરના અને બે સંતાનોની માતા હોવાનું જાણવા મળેલ છે. તેમનો પતિ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. જ્યારે તેમનો પુત્ર કોલેજમાં અભ્યાસ કરે છે. પુત્રી ભરૂચની સ્કૂલમાં અભ્યાસ કરે છે. મહિલાના તેનાથી ૧૦ વર્ષ નાની ઉંમરના યુવાન સાથેના ફોટા વાયરલ થતાં રાજકીય પક્ષમાંથી તેણે રાજીનામુ પણ આપી દીધુ હોવાનું જાણવા મળેલ છે.

### ચુંબન કરતા ફોટા

એક ફોટામાં ૪૫ વર્ષની મહિલા અગ્રણી તેનાથી ૧૦ વર્ષ નાના યુવાનને ચુંબન કરી રહી છે અને અરસ પરસ ચુંબન કરતા આવા અન્ય ફોટા પણ છે એક ફોટામાં બન્નેએ પુષ્પમાળા પહેરેલી છે.

### મહિલાની બહેનપણીના નામે કાર ખરીદી

યુવાને પોલીસ મથકમાં કરેલી અરજીમાં આક્ષેપ કર્યો છે કે, મહિલાની બહેનપણીના નામે એક કાર ખરીદી હતી. જેનું ડાઉન પેમેન્ટ રૂા.૩ લાખ તેણે ચૂકવ્યુ હતું. ત્યારબાદ દરમહિને તેનો રૂા.૨૦ હજારનો હપ્તો પણ તે જ મોકલતો હતો. જેની રસીદ મહિલાની બહેનપણી વ્હોટ્સએપ પર મોકલતા હતાં.

### પ્રમુખ કહે છે મહિલાએ રાજીમાનું આપી દીધું છે

રાજકીય પક્ષના જિલ્લા પ્રમુખ સાથે મોબાઈલ પર વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતુ કે અમારા પક્ષની મહિલા અગ્રણીએ સંગઠનના હોદ્દા પરથી તેનું રાજીનામુ મોકલી આપ્યું છે એટલે હવે અમારે કોઈ કાર્યવાહી કરવાની નથી રહેતી, હવે જે કંઈ કરવાનું તે પોલીસ તંત્રએ કરવાનું છે.

### મને બદનામ કરવાનું રાજકીય ષડયંત્ર

વાયરલ ફોટા મુદ્દે મહિલા અગ્રણીએ ટેલિફોની વાતચીતમાં ફોટા ખોટી રીતે વાયરલ કર્યા હોવાનું અને આ બાબતે તેણે સાયબર સેલમાં ફરિયાદ કરી હોવાનું જણાવી પોતાને બદનામ કરવાનું રાજકીય ષડયંત્ર હોવાનું જણાવ્યું હતું.

Scanned with AnyScanner

divyabhaskar.com

### નિકોરા બાદ વધુ એક કાંડનો ફણગો ફૂટતાં હડકંપ

# ભાજપ મહિલા મોરચાની હોદ્દેદારે યુવાનને લૂંટી લીધો

## એકમેકને ચુંબન કરતી તસવીરો વાયરલ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા ભાજપના મહિલા મોરચાની એક હોદ્દેદાર વિરૂધ્ધ પક્ષના જ એક યુવા કાર્યકરે કરેલાં આક્ષેપો અને ચુંબન કરતી તસવીરો વાયરલ થતાં રાજકારણમાં હડકંપ મચી ગયો છે. ભાજપના નેતાઓ હાલના તબક્કે મગનું નામ મરી પાડવા તૈયાર નથી.

ભરૂચ જિલ્લા ભાજપની માઠી દશા બેઠી હોય તેમ એક પછી એક કાંડ બહાર આવી રહયાં છે. નિકોરાની આસપાસ આવેલાં એક ફાર્મ હાઉસમાં ભાજપની મહિલા કાર્યકરો અને આગેવાનોની પાર્ટીના પડઘા માંડ શમ્યાં હતાં. ત્યાં બિપરજોય વાવાઝોડાની જેમ મહિલા મોરચાના અગ્રણીની યુવાન સાથે ચુંબન કરતી તસવીરો સોશિયલ મિડિયામાં વાયરલ થઈ રહી છે.

તસવીરોમાં દેખાતો યુવાન પણ પોતાને ભાજપનો કાર્યકર ગણાવી રહયો છે અને તેણે કરેલાં આક્ષેપ મુજબ તે 3 વર્ષ પહેલાં મહિલાના સંપર્કમાં આવ્યો હતો અને બાદમાં બંને પ્રેમમાં પડયાં હતાં. આ ત્રણ વર્ષ દરમિયાન લગ્નનું નાટક કરી મહિલાએ લાખો રૂપિયા તથા સોનું પડાવી લીધુ હોવાના આક્ષેપો થઈ રહયાં છે. આખા કારસામાં

### મહિલાના પરિવારને જાણ હોવાનો આરોપ

ભાજપના યુવા કાર્યકરે કરેલાં આક્ષેપમાં મહિલા હોદ્દેદારની કરતૂતોથી તેનો પરિવાર પણ જાણકાર હોવાનો દાવો કર્યો છે. ભરૂચ જિલ્લામાં રાજકારણમાં વર્ષોથી સક્રિય મહિલા અગ્રણીની તસવીરો બાદ વિરોધીઓને છૂટો દોર મળી ગયો છે.

ભાજપની અન્ય ત્રણ મહિલાઓના નામ પણ યુવાને ઉછાળ્યાં છે.

યુવાનનો આક્ષેપ છે કે, મહિલા અગ્રણીની ઉંચી પહોંચ હોવાથી પોલીસ તેની ફરિયાદ લઈ રહી નથી. તસવીરો બાદ ભરૂચના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મળતી છેલ્લી માહિતી પ્રમાણે હોદ્દેદારે તેના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. સમગ્ર મામલો સંબંધોમાં તિરાડનો છે કે પછી હનીટ્રિપનો તે રહસ્ય હજી ખુલ્યું નથી. આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ભરૂચ ભાજપ વિવાદોના વમળોમાં ઘેરાઈ રહયું હોય તેમ લાગે છે. અને તેના ઘેરા પ્રત્યાઘાતો પડી શકે છે.

Scanned with AnyScanner